# નેપાળની ક્રાંતિમાં હિન્દુત્વનું પત્તું કપાઈ ગયું છે

નેપાળમાં જે ક્રાંતિ થઈ છે તેને યુવાનો દ્વારા સોશિયલ મીડિયા પરના પ્રતિબંધ સામેનું આંદોલન ગણાવવામાં આવે છે, પણ વાસ્તવમાં આ આખો મામલો જાતિગત સંઘર્ષ વિશેનો હતો, જેના પરિણામે નેપાળમાં બહારથી આવેલા બ્રાહ્મણો અને મૂળ નિવાસી ગણાતા ગુરુંગ તથા મધેશિયા વચ્ચે સંઘર્ષ થયો હતો. વડા પ્રધાન ખડગ પ્રસાદ ( કે.પી.) શર્મા ઓલીને ઉથલાવી દેવાની પટકથા લાંબા સંઘર્ષનું પરિણામ છે કારણ કે, ગુરુંગ અને મધેશિયા જાતિના લોકો ઘણાં વર્ષોથી સુદાન ગુરુંગ અને બાલેન્દ્ર શાહના નેતૃત્વ હેઠળ નેપાળને ફરીથી હિન્દુ રાષ્ટ્ર બનાવવાના આહ્વાન સામે સંગઠિત થઈ રહ્યા હતા. ભારતના કેટલાક મીડિયા હાઉસો નેપાળમાં હિન્દુ સ્વયંસેવક સંઘ (HSS) ના ઉદય વિશેના સમાચાર પ્રસારિત કરી રહ્યા હતા, જે નેપાળમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સમકક્ષ સંગઠન છે. HSS નેપાળમાં હિન્દુઓની સંસ્કૃતિ, હિન્દુ એકતા અને હિન્દુ રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવા માટે કાર્ય કરે છે. નેપાળમાં RSSની વિચારધારા ફેલાવવા માટે તેની શરૂઆત ૧૯૯૨માં કરવામાં આવી હતી, જ્યારે નેપાળ સત્તાવાર રીતે હિન્દુ રાષ્ટ્ર હતું. RSSના સ્વયંસેવકોએ HSSની શરૂઆતમાં બહુ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બ્રાહ્મણ પૂર્વ વડા પ્રધાન કે.પી. શર્મા ઓલીએ HSSને ટેકો આપ્યો હતો.

નેપાળનું HSS ભારતના RSSની જેવી જ નીતિ ધરાવે છે, પરંતુ HSSનું કમનસીબી એ છે કે નેપાળમાં ફક્ત ૫.૦૯ ટકા જ મુસ્લિમો છે, જે આખા નેપાળમાં ફેલાયેલા નથી, પરંતુ રૌતહટ, પારસા, બારા, બાંકે જેવા નેપાળના કેટલાક તરાઈ વિસ્તારોમાં રહે છે. બીજું, નેપાળમાં ક્યારેય મુઘલ શાસકો નહોતા, જેના કારણે ઈતિહાસને વિકૃત કરીને નેપાળી લોકોને સાંપ્રદાયિક ઝેર પીવડાવી શકાય તેમ નથી. ત્રીજું, નેપાળનો પાકિસ્તાન સાથે કોઈ સંબંધ નથી. એટલે કે, ભારતમાં RSSની સફળતાનાં ત્રણ કારણો નેપાળમાં નથી, જેના કારણે HSS ત્યાં કોમી રમખાણો ભડકાવી નથી શકતું. HSS નેપાળમાં હિન્દુ ઓળખને મજબૂત કરવા, ધર્માંતરણ રોકવા અને સનાતન ધર્મનું રક્ષણ કરવા તેમ જ નેપાળને હિન્દુ રાષ્ટ્ર તરીકે પુનઃસ્થાપિત કરવાની માંગણી કરી રહ્યું છે. નેપાળ ૧૭૬૮ થી ૨૦૦૮ના લાંબા સમય સુધી હિન્દુ રાજ્ય રહ્યું હતું. ૨૦૦૮માં નેપાળે રાજાશાહી નાબૂદ કરી અને નેપાળને લોકશાહી પ્રજાસત્તાક બનાવ્યું અને તે જ સમયે નેપાળે પોતાના બંધારણમાં પોતાને ધર્મનિરપેક્ષ રાજ્ય જાહેર કર્યું. નેપાળને ધર્મનિરપેક્ષ જાહેર કરવામાં આવ્યા પછી HSS વધુ સક્રિય બન્યું અને તેણે દશેરા અને વિજયાદશમી જેવા હિન્દુ તહેવારોનું આયોજન કરીને ત્યાં પોતાનો એજન્ડા ચલાવવાનું શરૂ કર્યું.

એક બાજુ HSS છે અને બીજી બાજુ 'હામી નેપાળ' છે. ગુરુંગ જાતિના સુદાન ગુરુંગે HSSને સમાંતર 'હામી નેપાળ' સંગઠન બનાવીને એક ચળવળ શરૂ કરી છે. ગુરુંગ જાતિ મુખ્યત્વે બૌદ્ધ ધર્મ અથવા મિશ્ર બૌદ્ધ-હિન્દુ પરંપરાઓનું પાલન કરે છે પણ હિન્દુ જાતિવ્યવસ્થામાં માનતી નથી. નેપાળમાં તેમની ફક્ત ૨ વસ્તી ટકા છે. આ જાતિ સમુદાય પૂર્વી નેપાળમાં અને ભારતીય સરહદની નજીક રહે છે. આ જ ગુરુંગ જાતિના ૩૬ વર્ષીય યુવાન સુદાન ગુરુંગ એક અગ્રણી યુવા કાર્યકર, ઉદ્યોગ સાહસિક અને 'હામી નેપાળ' NGOના સ્થાપક છે, જેની સ્થાપના તેમણે ૨૦૨૦માં કરી હતી. સુદાન ગુરુંગ યુવા પેઢીના મુદ્દાઓ, જેવા કે બેરોજગારી, ભ્રષ્ટાચાર અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર અવાજ ઉઠાવી રહ્યા છે. આ સંગઠને ભ્રષ્ટાચાર, ભત્રીજાવાદ અને નેતાઓના પરિવારોના વિશેષાધિકારો સામે જાગૃતિ ફેલાવવાનું શરૂ કર્યું, જેથી નેપાળના યુવાનોમાં જાગ્રતિ આવી છે.

નેપાળ સરકારે ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ફેસબુક, વોટ્સએપ, ટ્વિટર, યુટ્યુબ સહિત ૨૬ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂક્યો. પ્રતિબંધને કારણે યુવાનોનો અવાજ બંધ થવાનો ભય હતો, માટે તેની સામે વ્યાપક વિરોધ શરૂ થયો. હામી નેપાળને ઈન્ફિનિટી હોલ્ડિંગ્સના માલિક અગ્રણી ઉદ્યોગપતિ દીપક ભટ્ટ, શંકર ગ્રુપના સાહિલ અગ્રવાલ તથા રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા અને પ્રખ્યાત આંખના ડૉક્ટર ડૉ. સંદુક રુઈતનો ટેકો મળ્યો અને આંદોલનને એક ટ્રિગર પોઈન્ટ મળ્યો હતો. એવી શક્યતા છે કે તે વિરોધ અમેરિકાની ગુપ્તચર એજન્સી CIAના હસ્તક્ષેપથી શરૂ થયો હોય, કારણ કે ડૉ. સંદુક રુઈતને નેપાળમાં CIAના એજન્ટ કહેવામાં આવે છે. આંદોલનને વેગ મળ્યો, રાષ્ટ્રપતિ, બધા મંત્રીઓ અને વડા પ્રધાને રાજીનામું આપ્યું તેથી CIAનો એજન્ડા સફળ થયો છે.

નેપાળ સરકારે સોશિયલ મીડિયા પરનો પ્રતિબંધ હટાવ્યા પછી સુદાન ગુરુંગે આ ચળવળમાંથી ખસી જવાની જાહેરાત કરી, જેનો કાઠમંડુના મેયર બાલેન્દ્ર શાહ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આ પછી આ ચળવળ કાઠમંડુના મેયર બાલેન્દ્ર શાહના નેતૃત્વ હેઠળ ચાલી હતી. બાલેન્દ્ર શાહે સરકારના વિરોધીઓને ટેકો આપ્યો, તેઓ કાઠમંડુમાં રસ્તાઓ પર ઊતર્યા અને વિદ્યાર્થીઓ સાથે ઊભા રહ્યા, કારણ કે નેપાળ સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂક્યા પછી શરૂ થયેલા યુવા આંદોલનમાંથી હામી નેપાળે પીછેહઠ કરી હતી.



**નેપાળમાં જે થઈ રહ્યું છે તે અચાનક બનેલી ઘટના નથી પણ જાતિ સંઘર્ષનું પરિણામ છે. રાષ્ટ્રપતિ, બધા મંત્રીઓ અને વડા પ્રધાને રાજીનામું આપ્યું તેથી CIAનો એજન્ડા સફળ થયો છે**


**ટાઈમ લાઈન**

**-સંજય વોરા**

૩૫ વર્ષીય બાલેન્દ્ર શાહ કાઠમંડુના નુઆર બૌદ્ધ પરિવારમાંથી આવે છે. નુઆર સમુદાય નેપાળની એક મુખ્ય સ્વદેશી જનજાતિ છે, જે કાઠમંડુની ખીણમાં રહે છે. બાલેન્દ્ર શાહને HSS અને ભારતના કટ્ટર વિરોધી માનવામાં આવે છે.

તેમણે નેપાળી સંસ્કૃતિને બચાવવા માટે કાઠમંડુમાં ભારતીય ફિલ્મો અને ટીવી શો પર પ્રતિબંધ મૂક્યો હતો. વધુમાં, તેઓ તેમની ઓફિસમાં ગ્રેટર નેપાળનો નકશો રાખે છે, જેમાં સિક્કિમ, ઉત્તરાખંડ અને અન્ય ભારતીય પ્રદેશોનો સમાવેશ થાય છે.

બાલેન્દ્ર શાહને અમેરિકાની કઠપૂતળી કહેવામાં આવે છે, કારણ કે તેમના અમેરિકી રાજદૂત ડી. આર. થોમ્પસન સાથે ગાઢ સંબંધો છે. નેપાળના આંદોલનમાં હિન્દુ રાષ્ટ્રની વાત કરનારા મંત્રીની હત્યા કરવામાં આવી છે અને ભારત તરફી ભૂતપૂર્વ વડા પ્રધાનની પત્નીને જીવતી સળગાવી દેવામાં આવી છે. નેપાળની આ ક્રાંતિ ભારતની કૂટનીતિ માટે ફટકા સમાન છે.



# "હું જે કંઈ કરું છું તેનો આધાર હંમેશાં ભારતીય છે"

સંશોધન, સમયની સૂઝ, તેજસ્વી રજૂઆત અને ભવ્યતા અને નાજુકપણાના અનપેક્ષિત સ્પર્શ સહિતની અનેક વિશેષતા ધરાવતા સીતારના શહેનશાહ પંડિત રવિશંકરનું વર્ણન કરવાનું ખૂબ મુશ્કેલ છે. તેમણે ફિલ્મો, નૃત્યનાટિકા, સંગીતનાટિકા કે વાદ્યવૃંદ સહિતની રજૂઆતમાં પોતાના સંગીત દ્વારા પોતાના વૈવિધ્યપુર્ણ સૂરસૃષ્ટિ અને કલ્પનાથી સમસ્ત વિશ્વને જે રીતે મોહિત કર્યું તે જોતાં તેમને 'ભારત રત્ન'નો ખિતાબ લગીરે આશ્ચર્ય નથી જન્માવતો.

પં.રવિશંકરનો જન્મ બનારસમાં થયો હતો અને શરણાઈના સૂર ગળથુથીમાં મેળવી આ કલાકારે પોતાની રગેરગમાં સંગીત વહેતું કર્યું. પોતાના ભાઈ-ઉદયશંકરની નૃત્યમંડળીમાં એક નૃત્યકાર તરીકેની કારકિર્દી શરૂ કરનાર પંડિત રવિશંકર સમક્ષ નૃત્યમંડળીના વિશ્વ પ્રવાસે પૂર્વ અને પશ્ચિમની કલાવિભાવના ધરી દીધી જેનાથી તેમની સંગીતકલા વધુ સમૃધ્ધ બની. આ જ સમયગાળા દરમિયાન પંડિત રવિશંકર સિતારના પ્રેમમાં પડ્યા અને વખત જતા આખી દુનિયાને પોતાની સિતારના પ્રેમપાશમાં બાંધી દીધી. મૈહરના બાબા અથાઉદીન પાસેથી સિતારના તારનો જાદુ શીખી લીધા પછી પંડિત રવિશંકર અને સીતાર એકબીજાનાં પર્યાય બની ગયા, પછી વિભૂષણ, મેગ્સેસે, બે-ગ્રેમી, ફુકોકા, ગ્રાન્ડ પ્રાઈઝ, નિસ્ટલ એવોર્ડ, પ્રીમિયમ ઈમ્પીરીયલ આર્ટ્સ એવોર્ડ વગેરેની હારમાળાથી અલંકૃત પંડિત રવિરાંકરે ભારતની રાજ્યસભા અને અમેરિકન અકાદમી ઓફ આર્ટસ એન્ડ બેટર્સ તેમજ યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ રોસ્ટ્રમ ઓફ કંપોઝર્સ વગેરેમાં સ્થાન મેળવી સીતારને વૈશ્વિક સ્વરૂપ આપ્યું. બીટલ્સ જ્યોર્જ હેરીસનને શિષ્ય બનાવીને તેમણે ભારતીય સંગીત માટે પોપ સંગીતના વિશ્વમંચ તરફના દ્વારા ઉઠાડી નાંખ્યા. પંડિત રવિશંકરની સિધ્ધિઓની શ્રૃંખલાનું વર્ણન એક મૂશકેલ કાર્ય છે. તેમના વ્યકિતત્વને પામવાનું કદાચ શ્રેષ્ઠ સાધન તેમની મુલાકાત છે. અહીં જૂની યાદોને ફરી વાગોળતી તેમની મુલાકાત ફરી રજૂ કરી છે.

### પંડિતજી, આપના બાળપણ તેમજ આપનામાં રહેલા એક કલાકારના સર્જન વિશે શું કહેવું છે?

- હું તા. ૭મી એપ્રિલ, ૧૯૨૦ના દિને બનારસમાં જન્મ્યો હતો. પ્રાચીન સંસ્કૃતિ અને ઉસ તરંગોના આ નગરમાં જન્મ લેવાનું મને ગૌરવ છે. આજે બનારસ અંધાધુધીભર્યું બની ગયું છે અને તેનું જીવન ગણાતી ગંગા મેલી થઈ છે. મારો જન્મ બનારસમાં થયો હતો પણ મારામાં રહેલા સંગીતકારનો જન્મ મારા ભાઈ ઉદયશંકરની નૃત્ય મંડળી સાથેના પ્રવાસમાં થયો, ત્યાં બાબાને મળ્યો તેમણે સિતારને મળાવ્યો.

### પરંપરાગત ઉતકૃષ્તાનું ધ્યેય રાકવાને બદલે શૈલીની દૃષ્ટીએ સંગીતમાં નવું સર્જન કરવાની શોધ કેમ કરી?

- મેં મારા પસંદ કરેલા ક્ષેત્ર એટલે કે સિતારમાં વ્યવસાયી ઉત્કૃષ્ટતા પ્રાપ્ત નથી કરી એમ નહી કહી શકાય. ખયાલથી ઠુમરી અને ધૂન સુધી વ્યાપત શાસ્ત્રીય અને અર્ધશાસ્ત્રીય સંગીતના સમગ્ર પરિપેક્ષ્યની ખોજમાં ચુસ્તપણે ધ્રુપદ ધમારને વરેલો છું. બીજુ એ કે હું નવીનતાની શોધમાં રહુ છું. મારા સંગીત સાથે ક્યારેય સમાધાન નથી કરતો. પ્રવાસ દરમયાન વિશ્વ સંગીતના પરિચયમાં આવ્યો. જાઝ ને લોકસંગીતનો મને પરિચય થયો. નવીનતા સામે આંખ બંધ નથી રાખતો.

**મેં મારા પસંદ કરેલા ક્ષેત્ર એટલે કે સિતારમાં વ્યવસાયી ઉત્કૃષ્ટતા પ્રાપ્ત નથી કરી એમ નહી કહી શકાય. ખયાલથી ઠુમરી અને ધૂન સુધી વ્યાપત શાસ્ત્રીય અને અર્ધશાસ્ત્રીય સંગીતના સમગ્ર પરિપેક્ષ્યની ખોજમાં ચુસ્તપણે ધ્રુપદ ધમારને વરેલો છું**

### શું તે પશ્ચિમની અસરનું પરિણામ છે?

- ના, હું જે કંઈ કરું છું તેનો આધાર હંમેશાં ભારતીય છે. પશ્ચિમની નકલ નથી. આજે ફ્યુઝન મ્યુઝિકની બોલબાલા છે, તેને હું અડક્યો પણ નથી. મારો પાયો ભારતીય છે છતાં જે કોઈ સ્વાભાવિક રીતે આવે છે તે હું કરું છું. આપણા શાસ્ત્રીય સંગીતનું પાશ્ચાત્યીકરણ કરવાની કોશિશ નથી.

**કર્ટનકોલ**

### પશ્ચિમનાં અને ભારતનાં શ્રોતાઓ વચ્ચે શું તફાવત છે?

- પશ્ચિમનાં શ્રોતાઓમાં શિસ્ત અને શિષ્ટાચાર પારાવાર છે. જ્યારે આપણા શ્રોતાઓ? શેરબજારની વાતો અને સંગીતના કાર્યક્રમ બધું એકસાથે ચાલે ... આપણા શ્રોતાઓ પાસેથી કંઈક શિષ્ટાચારની માંગ કરવા શરૂઆત કરી પછી ફેર પડયો છે. આપણા સંગીતમાં ચાલ મહત્ત્વની છે છતાં તેમાં ઊંડાણ છે. સંગીત આપણા હૃદયને સ્પર્શ જવું જોઈએ, તે પ્રાર્થના અને ચિંતન જેવું લાગવું જોઈએ. આપણો સંગીતનો આત્મા આધ્યાત્મ છે. શ્રોતાઓએ સંગીતથી ઉત્તેજિત ન જ થવું જોઈએ અને કદર નહીં જ કરવી જોઈએ એમ હું નથી કહેતો આજકાલ આપણું સંગીત એક ખેલ જેવું થઈ ગયું છે જેમાં શ્રોતાઓ ઉત્તેજના જોઈએ. ભારતનું સંગીત પશ્ચિમના શ્રોતાઓ સુધી પહોંચાડતા મને ચાર દાયકા લાગ્યા છે. લોકો કહેતા કે હું પરદેશમાં પડ્યો પાથર્યો રહીને જાઝની સાથે ભારતીય સંગીતને સસ્તું બનાવી રહ્યો છું. આજે એ જ લોકો મારી પ્રશંસા કરે છે. આ બધી મેં જાતે લાદેલી જવાબદારીને લીધે મેં કરી છે.

### બહારનાં શ્રોતાઓ સુધી પહોંચવા આપ સંગીતની શાસ્ત્રીયતા ઘટાડો છો?

- સંગીતનાં મૂળ તત્ત્વ સાથે ચેડાં કર્યા વગર પરંપરાગત સ્વરૂપમાં બહાર નીકળવામાં ખોટું શું છે? હું ઘરાનાનો અહંવાદી નથી. સેનિયા વનંકરા ઘરાનાના સંગીતમાં રસ છે પણ હું ત્રણ કલાક દરબારી કાનડા રજૂ કરી પશ્ચિમના શ્રોતાઓને દીવાલમાં જડી ન દઈ શકું. પશ્ચિમમાં સંગીતના જલસા વિસામા સહિત બેથી ત્રણ કલાકના હોય છે. મારે પશ્ચિમના શ્રોતાઓને આકર્ષવા હોય તે પ્રમાણેના કાર્યક્રમ આપવા પડે. યાદ રાખો મેં સંગીત સાથે સમાધાન નથી કર્યું. રજૂઆત સાથે કર્યું છે.

### આપ કર્ણાટકી સંગીતથી વધુ પ્રભાવિત છો...

- સાચી વાત છે. કર્ણાટકી સંગીતનું નોંધપાત્ર પાસું એ છે કે તેમાં હિંદુસ્તાની સંગીતના ધ્રુપદ ઘણા પાસાં પખવાજ અને કથક સાથે યથાવત છે. ખયાલનુ વર્ચસ્વ વધ્યું ત્યારે તેમાંથી ચોકસાઈ અને પધ્ધતિ અદૃશ્ય કર્ણાટકી સંગીતના કિરાવાણી, ચારુકેશી અને વાચસ્પતિ ડઝનેક રાગોએ મને એટલો બધો આકર્યો કે તે ઉત્તરમાં સ્વીકૃત તે રીતે મેં તેને ઢાળ્યા. તે સ્વીકારાયા અને મુખ્ય પ્રવાહમાં ભળી ગયાં.

**- ચંદ્રકાંત પુરોહિત-સરોજ પાઠક**

## શબ્દ સાપ્તાહિકી

**- અરવિંદ એસ. મારૂ**




**આડી ચાવી**

૧. સિંહ કે ઘોડાની ગરદન ઉપરના વાળ (૪ )
૪. માહિતગાર (૩)
૬. શ્રમ, જહેમત (૪)
૮. તપાસ, કરામત, કોશિશ (૪)
૧૦. રૂપું, ચાંદી (૩)
૧૧. બદલો (૪)
૧૩. બટન ઘાલવાનું નાકું (૨)
૧૪. થોડા વાળની સેર (૨)
૧૬. હમ હૈ... પ્યારકે (૨)
૧૭. મહેરબાની, માન, ભેટ (૪)
૧૯. હોઠ (૨)
૨૦. માસીના પતિ (૨)
૨૧. ઉત્તમ (૨)
૨૨. ચંદ્ર (૨)
૨૩. કમનસીબ (૪)
૨૪. પાછું (૩)
૨૫. કિનારો, કાંઠો (૨)
૨૬. રાજા (૨)
૨૮. રૂપાનું રૂપા જેવું (૩)
૨૯. ઇચ્છા, મરજી (૨)
૩૦. સોગન, પ્રતિજ્ઞા (૩)
૩૨. અનુકૂળ વખત (૨)
૩૩. નુકસાન, ઉણપ (૨)
૩૪. નદી (૩)
૩૬. કૃષ્ણ પક્ષનું, અંધારિયું (૨)
૩૭. તારો, ચિન્હ (૩)
૩૮. અધિકાર, દાવો (૨)
૪૦. લગામ, વ્યાજમુદ્દલ (૨)
૪૧. કબૂતર વર્ગનું એક પંખી (૨)
૪૨. ભીંત (૩)
૪૩. દૂધ, પાણી (૨)
૪૪. વૈષ્ણવ મંદિરમાં બપોરે થતો એક ભોગ તથા દર્શન (૪)
૪૬.કાજળ (૨)
૪૭. પારકું, અન્ય(૨)
૪૮. ફુવારો (૩)
૫૦. બખોલ (૩)
૫૧. પુરુષ (૨)
૫૨. લોકસંખ્યા (૨)
૫૪. ઇશ્વર, પરમેશ્વર (૪)
૫૬. સંતોષ (૩)
૫૭. ઝીણો કણ (૨)
૫૮. કજિયો (૪)
૬૦. દેહ, શરીર (૨)
૬૧. ઝટ, એકદમ (૩)
૬૩. વટાવ (૪)
૬૫. દરોડું (૨)
૬૬. દાંત (૩)
૬૭. એક તેલી બી (૨)
૬૮. કાપડની પહોળાઈ (૨)
૬૯. પીલુડીનું ઝાડ (૨)
૭૦. વચન (૨)


**ઊભી ચાવી**

૧. સાંકડો પગરસ્તો (૨)
૨. બહુબોલું (૩)
૩. દિવસ (૨)
૪. પીડા, કંટાળો (૨)
૫. કર્તવ્ય (૩)
૬. હેતુ, આશય (૪)
૭. નિરોગી, નરદમ (૨)
૮. મસ્ત, ધરાયેલું (૨)
૯. દુઃખ (૩)
૧૧. કારભાર (૪)
૧૨. તપેલું કે તપાવેલું (૨)
૧૩. એક ગામથી બીજે ગામ જવું તે (૪)
૧૫. પાંચમું પાતાળ (૪)
૧૭. દુશ્મન (૨)
૧૮. રસ્તો, માર્ગ (૨)
૧૯. જરા, સહેજ (૪)
૨૦. મારવું તે (૨)
૨૨. ઘોડો (૨)
૨૪. પરીક્ષા કરનાર (૪)
૨૫. પાણી પીવાની ઇચ્છા (૩)
૨૬. જંગલ (૨)
૨૭. કસોટી, સત્ત્વ (૨)
૨૯. દોલત (૨)
૩૦. શરીરની ઊંચાઈ (૨)
૩૧. આળસના કસમોડા (૩)
૩૨. નસીબ, ભાગ્ય(૪)
૩૫. પ્રથા, ધારો (૩)
૩૬. તાબે, આધીન (૨)
૩૮. મોટેથી બૂમ પાડવી તે (૪)
૩૯. અશ્વ ,ઘોડો (૨)
૪૦. મોહ, મેળ (૨)
૪૧. ચાલાક, બુદ્ધિશાળી (૪)
૪૩. સતામણી (૪)
૪૪. ઢગલો (૨)
૪૫. ભૂમિ, જમીન (૨)
૪૭. પારકા પૈસા (૪)
૪૯. મકાન, ગૃહ (૨)
૫૧. નવલું, નવીન (૪)
૫૩. ઝેર, વિષ (૨)
૫૪. ઉપાધિ, દરજ્જો (૨)
૫૫. હાથી (૩)
૫૭. કાગળ વગેરેના નાના ટુકડા (૪)
૫૮. બાબત (૩)
૫૯. રંગ, વર્ણ (૨)
૬૦. દૂધ-દહીંની પોપડી (૨)
૬૨. મનુષ્ય તરીકેની જિંદગી (૩)
૬૩. વિવેક (૨)
૬૪. કાંઠો, કિનારો (૨)
૬૫. ભોળું ઉદાર જીવનું (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

